सहस पुरुष संयम सन्मुख थया, तसु अनुरागे तिहां तिण वार रे।
ते देखीनै कृष्ण नरेसरू, दीक्षा उच्छव करे उदार रे ॥३४॥

समवसरण पासे आवी करी, शिबिका थी ऊतरै कुमार रे।
कृष्ण नरेसर निज आगल करी, प्रभु पासै ल्यावै सुविचार रे ॥३५॥

कुमर उतारे भूषण अंगथी, आपै माय भणी निस्संग रे।
माता आंखें आंसु नाखती, सीखामण आपी मनरंग रे ॥३६॥

सैहथ लोच कर्यौ संयम वर्यौ, सहस पुरुष साथे श्रीकार रे।
थावच्चा सुत ते मुनिवर थया, अनुक्रम चउदे पूरब धार रे ॥३७॥

प्रभु आपै थावच्चा सुत भणी, शिष्य पणै ते साधु हजार रे।
प्रभु आदेशे मुनिवर एकदा, बाहिर जनपद करे विहार रे ॥३८॥

### *ढाल-४*

### *(ढाल- श्री जिनप्रतिमा हो जिन सारिखी कही एहनी)*

संवेगी नीरागी हो मुनिवर तिण समें, करता शुद्ध विहार।
सैलगपुर नै हो पासे समोसर्या, नृप उद्यान मझार ॥३९॥

सेलग राजा हो आव्यो वांदवा, सांभलि धरम उदार।
सद्गुरु पासै हो ततखिण आदर्या, श्रावक ना व्रत बार ॥४०॥

पंचसय मंत्री हो श्रावक व्रत ग्रह्यां, पंथग प्रमुख उल्लास।
साधूजी आवे हो अनुक्रमें विचरतां, सोगंधिका पुरी पास ॥४१॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तिण पुरि निवसै हो आढ्य शिरोमणि, शेठ सुदर्शन नाम।
सेवक ते छै हो शुक तापस तणौ, सोच मूल ध्रम धाम ॥४२॥

आगम निसुणी हो सेठ सुगुरु तणो, आवै पुरी उद्यान।
वादी पूछै हो मूल ते धर्म नो, मुनि कहै विनय प्रधान ॥४३॥

गुरु मुख सुणिने हो, धरम सुहामणो, जलशुचिता अप्रमाण।
जाणी ने लीधा हो व्रत श्रावक तणां, छांडी प्रथम गुणठाण ॥४४॥

शुक पिण आवे हो सुणि एह वार्ता, शिष्य सहस संघात।
ततखिण जावै हो सेठ घरे तिहां, देखै न आदर वात ॥४५॥

तब शुक भाषै हो शेठ भणी इसुं, चालो तुम गुरु पास।
प्रश्न पूछीने हो करशुं पारिखा, पाछलि उचित प्रकाश ॥४६॥

इम कही जावे हो सेठ सहित तिहां, पूछै प्रश्न अनेक।
गुरु पिण आपै हो उत्तर तेहने, बूझ्यो शुक सुविवेक ॥४७॥

सांख्य मत छोडी हो संयम आदर्यो, शिष्य सहस परिवार।
श्री गुरु आपै हो ते शिष्य तेहनें, शुक थया पूरब धार ॥४८॥

थावच्चा पुत्र हो मुनि तदनंतरे, तिहां थी करै विहार।
शिष्य सहस नै हो साथे परिवर्या, विचरै देश मझार ॥४९॥

अनुक्रमे आव्या हो विमलाचल गिरै, पृथिवी सिल पट श्याम।
पुंजी ने कीधो हो संथारौ तिहां, मास एक अभिराम ॥५०॥

केवल पामी हो तिहां मुगते गया, थावच्चा सुत स्वाम।
एह संक्षेपै हो चारित्र कह्यो इहां, विस्तर ज्ञाता ठांम ॥५१॥

वरस अढारै हो सैतालिसमे, विजयदशमी सुविचार।
पूरब देशे हो महिमापुर वरे, एह रच्यो अधिकार ॥५२॥

वाचक गिरूआ हो गुण गण निर्मला, अमृतधर्म सुजाण।
मुनि गुण गाया हो आतम हित भणी, सीस क्षमाकल्याण ॥५३॥

❖ ❖ ❖

For Private and Personal Use Only

# સિંઘી જૈન ગ્રંથમાલા

**અશ્વિન બી. ભટ્ટ**

'न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते' વાસ્તવમાં આ સંસારમાં જ્ઞાનથી પવિત્ર બીજું કંઈ નથી, કારણ કે જ્ઞાનજ્યોતિ પ્રાપ્ત કરવાનું પ્રધાન સાધન શાસ્ત્ર છે. શાસ્ત્ર દ્વારા જ જ્ઞાનનો વિકાસ થઈ શકે છે, માટે શાસ્ત્રોનું સંરક્ષણ કરવું મનુષ્યમાત્રનું પરમ કર્તવ્ય છે. આ ભગીરથ કાર્ય ને સુચારુ સ્વરૂપ આપીને જૈન આગમિક, દાર્શનિક, સાહિત્યિક, ઐતિહાસિક, કથાત્મક ઇત્યાદિ વિવિધ વિષયગુમ્ફિત પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, પ્રાચીનગૂર્જર, રાજસ્થાની આદિ નાનાભાષાનિબદ્ધ સાર્વજનિક પુરાતનવાઙ્મય તથા નવીન સંશોધનાત્મક સર્વશ્રેષ્ઠ સાહિત્ય પ્રકાશિની જૈનગ્રન્થાવલી એટલે સિંઘી જૈન ગ્રંથમાલા. આ ગ્રંથમાલા એ જ્ઞાનગંગાને નવો જ પ્રવાહ આપ્યો છે. આ ગ્રંથમાલા દ્વારા માત્ર જૈન જ નહીં પરંતુ જૈનેતર સાહિત્ય પણ પ્રકાશિત કરેલ છે. આવા સર્વધર્મસમભાવને કારણે તેમનું નામ આજે આંતરાષ્ટ્રીય સ્તરે વિખ્યાત છે. આ ગ્રંથમાલા દ્વારા સંપાદિત સાહિત્ય સરળભાષામાં શાસ્ત્રનાં રહસ્યોને સમજાવે છે. જેમકે મેરુતુંગાચાર્ય વિરચિત પ્રબંધચિંતામણિનો હિંદી અનુવાદ તથા ભારતીય પ્રમાણશાસ્ત્ર માટે ઉપયોગી પ્રમાણમીમાંસા ઉપરોક્ત બાબતની સાક્ષી પુરે છે. તે ગ્રંથની સાથે સંપાદિત કરવાથી સાક્ષર વ્યક્તિ પણ આપણા શાસ્ત્રના ગૂઢ રહસ્યને સરળતાથી સમજી શકે છે અને આ પ્રકાશનો બધાં માટે બુદ્ધિગમ્ય અને રોચક બને છે. જેથી આજની પેઢીના જે લોકો સંસ્કૃત અને પ્રાકૃત ભાષાથી વિરક્ત છે. તેવા લોકોને આપણી સંસ્કૃતિનું માહાત્મ્ય સમજાશે અને આ સાહિત્યની દિવ્યતા ઓળખીને તેમનું સંરક્ષણ કરવા પ્રેરાશે. હજુ પણ એવું ઘણું સાહિત્ય છે. જેનું ઉદ્ધરણ અવશિષ્ટ છે. તેથી આ ગ્રંથમાલાના આવા ભગીરથ કાર્યોથી આપણે સૌને નષ્ટપ્રાયઃ થતાં પ્રાચીન-સાહિત્યનાં સંરક્ષણ તથા સમ્માર્જન કરવાની પ્રેરણા મળે છે.

**ગ્રંથમાલા-સંસ્થાપકનો પરિચય –**

अस्ति वङ्गाभिधे देशे सुप्रसिद्धा मनोरमा ।
मुर्शिदाबाद इत्याख्या पुरी वैभवशालिनी ।।

श्री बहादुरसिंहाख्यो गुणवाँस्तनयो स्तयोः ।
अभवत् सुकृती दानी धर्मप्रियश्च धीनिधिः ।।

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિંઘી જૈન ગ્રંથમાલાના સંસ્થાપક બાબૂ રાયબહાદુર શ્રી ધનપતસિંહજી સિંઘીનો જન્મ મુર્શિદાબાદમાં વિ.સં. ૧૯૪૧માં થયો હતો. તેનાં વિવાહ બંગાળના એક જૈન સદ્ગૃહસ્થ લક્ષ્મીપતસિંહજીની પૌત્રી તિલકસુંદરી સાથે વિ.સં. ૧૯૫૪માં થયા હતા. જેથી તેઓએ એક પ્રસિદ્ધ જૈન કુટુંબ સાથે સંબંધ બાંધ્યો અને તેમનાં પિતાશ્રી ડાલચંદજી સિંઘી પણ જૈનમહાજનોમાં સચ્ચરિત પુરુષ હતાં. તેમનાં પિતાને જૈનધર્મનાં વિશુદ્ધ તત્ત્વોનાં પ્રચાર અને સર્વોપયોગી જૈન સાહિત્યના પ્રસારમાં ખાસ રુચિ હતી, વળી કલકત્તામાં સાહિત્યિક કેન્દ્રની સ્થાપના કરવાની યોજના તેઓ વિચારી રહ્યા હતાં. પરંતુ ઈ.સં. ૧૯૨૭માં તેમના પિતાજીનો સ્વર્ગવાસ થયો. પિતાજીનું આ સ્વપ્ન પુરૂ કરવાનું કાર્ય એમનાં પુત્ર ‘રાયબહાદુર શ્રી ધનપતસિંહજી સિંઘી એ કર્યું.

**ગ્રંથમાળાની સ્થાપના –**

ઈ.સ. ૧૯૩૧માં વિશ્વવંદ્ય કવીન્દ્ર શ્રીરવીન્દ્રનાથ ટાગોરની વિભૂતિવિહારમાં વિશ્વવિખ્યાત શાંતિનિકેતનનાં વિશ્વભારતી વિદ્યાભવનમાં શ્રી રાયબહાદૂર શ્રી ધનપતસિંહજીએ “સિંઘી જૈન જ્ઞાનપીઠ”ની સ્થાપના કરી ત્યાં જૈન સાહિત્યના અધ્યયન–અધ્યાપનનું કાર્ય શરૂ કર્યું, ત્યારબાદ જૈનપુસ્તકોનું પુનરુદ્ધરણનું કાર્ય શરૂ થયું. અગણિત ઐતિહાસિક પુસ્તકો જૈનભંડારોમાં હતાં, પરંતુ વિદ્વદ્સંપર્કના અભાવે તે પ્રકાશમાં આવ્યાં ન હતાં. પણ પાટણના પુરાતન જૈન ભંડારોનું અવલોકન કરતાં ઐતિહાસિકતા તરફ દ્રષ્ટિ પડી અને “શ્રીમત્કાંતિવિજય મ.સા.”ની દિવ્ય પ્રેરણા તથા ‘આગમોદ્ધારક મુનિ શ્રી પુણ્યવિજયજી’ની સહકારિતાથી આ કાર્ય માટે આગળ વધ્યાં, તેમજ અનેક સ્થાનેથી પ્રેરણા પ્રાપ્ત કરી આ “સિંઘી જ્ઞાનપીઠ”ની સાથે “સિંઘી જૈન ગ્રંથમાલા” શરૂ કરવાની યોજના ઘડાઈ. તથા ‘પ્રબંધકોષ, કુમારપાલપ્રબંધ, વસ્તુપાલચરિત્ર, વિમલપ્રબંધ’ આદિ શિલાલેખ, તામ્રપત્ર ગ્રંથપ્રશસ્તિ આદિ સાધનની સંકલના શરૂ થઈ, અને અંતે ઈ.સ. ૧૯૩૧માં શ્રી રાયબહાદુર શ્રી ધનપતસિંહ સિંઘીના પિતા શ્રી ડાલચંદજી સિંઘીની પુણ્યસ્મૃતિમાં “સિંઘી જૈન ગ્રંથમાલા”નો પ્રાદૂર્ભાવ થયો. જેનું પ્રથમ મણિ એટલે કે “પ્રબંધચિંતામણી” નામનો ગ્રંથ પ્રકાશમાં આવ્યો.

**ગ્રંથમાળાનો ઉદ્દેશ્ય –**

આ ગ્રંથમાળાનાં પ્રકાશનકાર્ય અંતર્ગત બધાં ગ્રંથનાં મુખપૃષ્ઠ ઉપર પ્રદેશ-સૂચક ઉલ્લેખ અંકિત કરેલા જ હોય છે. તદનુસાર જૈન સાહિત્યોદ્ધારનું ક્ષેત્ર ખુબ વિશાળ છે. મુખ્ય રીતે તો જૈનપ્રવચન અંતર્ગત આગમિક, દાર્શનિક, સાહિત્યિક,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઐતિહાસિક તથા કથાત્મક આદિ મહત્વનાં ગ્રંથોનું વિશિષ્ટ રીતે સંશોધન,સંકલન અને સંપાદન કરીને યથાશક્ય પ્રકાશિત કરવાનું હતું. પરંતુ સૌથી પહેલા મુખ્ય લક્ષ્ય ઐતિહાસિક સાહિત્ય પ્રકાશિત કરવાનું હતું. જેના મુખ્ય બે કારણો હતા.

જૈન ગ્રંથભંડારમાં ઇતિહાસાન્વેષણને ઉપયોગી ખુબ બહોળા પ્રમાણમાં સાહિત્યિક સામગ્રી અસ્ત-વ્યસ્ત રૂપમાં ઉપલબ્ધ થઈ. પરંતુ આ પરિશ્રમપૂર્વક સંકલિત કરીને શાસ્ત્રીય રીતે વ્યવસ્થિત કરીને અન્યાન્ય પ્રમાણમાં તથા ઉલ્લેખો દ્વારા આલોચનાત્મક તથા ઊહાપોહાત્મક ટીકાટિપ્પણીઓથી વિવેચિત કરીને વિદ્વદ્ ગ્રાહ્ય તેમજ જિજ્ઞાસુ વાચકોને ઉપયુક્ત થાય એવું સાહિત્ય પ્રકાશિત કરવાનું કાર્ય કોઈ જૈન જનતાએ નહોતું કર્યું. તેથી ભારતની સ્થાપત્ય, ભાસ્કર્ય તથા પુરાત્તત્વવેત્તા એવા ગ્રંથમાળાના સ્થાપકનો સંપૂર્ણ પરામર્શ પ્રાપ્ત કરીને જૈન સાહિત્યના ઐતિહાસિક અંગોને પ્રકાશિત કરવાનું નક્કી કર્યું.

દ્વિતીય કારણ જૈન ધર્મમાં અને સામાજિક દ્રષ્ટિએ આ (ઐતિહાસિક) વિભાગનુ મહત્ત્વ તો છે જ, પરંતુ ભારતીય સંસ્કૃતિ માટે જૈનધર્મીય સાહિત્યનું ઐતિહાસિક અંગ જેવું પરિપુષ્ટ છે અને ઉપલબ્ધ છે, તેવું કદાચ બીજા ધર્મમાં ઓછા પ્રમાણમાં જોવા મળે છે. તેથી જૈન ગ્રંથભંડારોમાં નાશોન્મુખ દશામાં પડેલી ઐતિહાસિક સાધન-સંપત્તિ જો યોગ્યરૂપમાં સંશોધિત અને સંપાદિત થાય તો તે જૈનધર્મ માટે તો ગૌરવની વાત છે જ, પરંતુ ભારતના પ્રાચીન સ્વરૂપનું વિશેષજ્ઞાન પ્રાપ્ત કરવામાં ઉપયોગી થાય અને રાષ્ટ્રીય પ્રતિષ્ઠા વિશિષ્ટ રીતે પ્રસિદ્ધિને પામે.

આ ઉદ્દેશ્ય હેઠળ "સિંઘી જૈન ગંથમાલા"ના ૧૫-૨૦ ઐતિહાસિક સાહિત્યગ્રંથો પ્રકાશિત થયાં ત્યારબાદ જૈન સાહિત્યનું દ્વિતીય આધારભૂત અંગ એટલે કે દર્શનશાસ્ત્ર. જે નિશ્ચિત ઉદ્દેશ્ય માટે ખુબ ઉપયોગી હતું. જૈન દર્શનશાસ્ત્રનો મૌલિક તત્ત્વવિચાર છે. જે અંહિસાની પ્રતિષ્ઠા જૈન દર્શનશાસ્ત્રમાં પ્રસ્થાપિત છે તે અન્યત્ર અજ્ઞાત છે. તેમને સિદ્ધ કરવું એ જ જૈન દર્શનશાસ્ત્રનો ચરમ ઉદ્દેશ્ય છે. ભારતીય દર્શનશાસ્ત્રમાં એવો કોઈ વિષય નહિ હોય જેમાં જૈન વિદ્વાનો એ મર્મભેદકતાથી પ્રવેશ ન કર્યો હોય. મહાવાદી 'સિદ્ધસેન દિવાકર' થી લઈને મહોપાધ્યાય યશોવિજય સુધીનાં વિદ્વાનો ભારતવર્ષને મળ્યાં છે. અને એવાં ઘણાં તાર્કિક, સાહિત્યિક તથા વિવિધ વિષયના પુસ્તકો સંપાદિત થયેલા છે.

ગ્રંથમાલાના પ્રધાન-સંપાદક શ્રી જિનવિજયજીનો પરિચય –

भ्रान्त्वा नैकेषु देशेषु सेवित्वा च बहून् नरान्,
दीक्षितो मुण्डितो भूत्वा जातो जैनमुनिस्ततः ।

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स बहुभिः सुविद्वद्भिस्तन्मण्डलैश्च सत्कृतः ।
जिनविजयनाम्नाऽसौ ख्यातोऽभवद् मनीषिषु ।।

સમ્માન્ય સભાસદ ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિર પૂના, તથા ગુજરાત સાહિત્ય સભા અહમદાવાદ, ભૂતપૂર્વાચાર્ય ગૂજરાત પુરાત્તત્વમંદિર અહમદાવાદ, જૈન વાઙ્મયાધ્યાપક વિશ્વભારતી શાંતિનિકેતન સંસ્કૃત પ્રાકૃત, પાલી, પ્રાચીનગૂર્જર આદિ અનેકાનેક ગ્રંથના સંશોધક તથા સંપાદક શ્રીજિનવિજય મુનિજી.

આ મહાપુરુષનો જન્મ ૨૭ જાન્યુઆરી ૧૮૮૮માં રાજસ્થાનમાં થયો હતો. તેમના પિતા વૃદ્ધિસિંહજી અને માતા રાજકુમારી. ખેડુત કુંટુંબમાંથી ઉચ્છરેલા તેમનું બાળપણનું નામ કિશનસિંહ હતું. નાનપણમાં જ માતાપિતાની છાયા ગુમાવી. અને યુવાન વયમાં જ્ઞાનપિપાસા માટે ભ્રમણ કરતાં કરતાં 'શ્રી સુંદરવિજયજી' સાથે તેમનો ભેંટો થયો અને કિસનસિંહ માટે ભણવાની વ્યવસ્થા સુંદરવિજયજી એ કરાવી આપી ત્યારબાદ જૈન શ્વેતાંબર મૂર્તિપુજકમાં દીક્ષા ગ્રહણ કરી અને જિનવિજય નામ ધારણ કર્યું. તેમણે સમગ્ર દેશમાં ખૂબ ભ્રમણ કર્યુ. વિચરણ દરમ્યાન જેસલમેર, બરોડા અને પુના માં આવેલ પ્રાચીન જૈન ભંડારોની હસ્તપ્રતોનું સંશોધન, વાંચન તથા લેખનાદિ કાર્ય કર્યુ.

ઈ.સ.૧૯૨૦માં મહાત્મા ગાંધીને મળ્યા તથા અમદાવાદ 'ગૂજરાત વિદ્યાપીઠ' માં ગુજરાત પુરાત્તત્ત્વ વિભાગમાં સેવા આપીને આચાર્યપદ પર મહાત્માજી દ્વારા સ્થાપિત થયા. ત્યાં સંસ્કૃત-પ્રાકૃત-પ્રાચીન ગુજરાતી આદિ ગ્રંથોનાં પ્રકાશન માટે "પુરાતત્ત્વમંદિર ગ્રંથાવલી" સ્થાપીને તેમાં અનેક પ્રાચીન સાહિત્યનું પ્રકાશન કર્યું. મે ૧૯૨૮માં મુનિજી જર્મની વિદેશયાત્રા માટે ગયા હતા. ત્યાં પણ પોતે ભારતીય સાહિત્યિક સેવા આપેલી અને બ્રિટીશનાં મ્યુઝિયમની મુલાકાત પણ લીધી.

મુનિજીની વિદેશયાત્રા પૂરી થતાં જ કલકત્તામાં એક કોંગ્રેસ અધિવેશનમાં તેમની મુલાકાત શ્રી રાયબહાદુર શ્રી ધનપતસંહજી સિંઘી સાથે થઇ. અને તેમને શાંતિનિકેતનમાં આમંત્રણ આપ્યું. ત્યાં રહીને મુનિજી એ "સિંઘી જૈન જ્ઞાનપીઠ" ની સ્થાપના કરી. અને જૈનનાં પ્રાચીન સાહિત્યનું સંકલન કાર્ય શરૂ કર્યું.

મુનિજીનું મહાત્માજી સાથે ખુબ જોડાણ હતું એટલા માટે જ સત્યાગ્રહના આંદોલનમાં તેમની સાથે જોડાયા હતાં. અને જેના કારણે નાસિકમાં કારાવાસ પણ ભોગવ્યો. કારાવાસ દરમ્યાન તેમની મુલાકાત કન્હૈયાલાલ મુંશીજી સાથે થઈ અને મુનિજીને ત્યાં લેખન અને વાંચનનો ખૂબ જ સારો ઓપ મળ્યો અને મુંશીજી

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે ભવિષ્યની સાહિત્યિક પ્રવૃત્તિ વિષે ચર્ચા થતી રહેતી. જેલમાંથી છુટ્યા બાદ ફરીથી શાંતિનિકેતન આવ્યા ને ત્યાં 'જૈન છાત્રાલય' શુરુ કર્યું. ત્યારબાદ ફરીથી તે પ્રાચીન ગ્રંથોના ઉદ્ધરણ માટે પ્રવૃત્ત થયાં.

ભારતના શ્રેષ્ઠ પ્રાચીનતમ સાહિત્યમાં શિરમોર પુસ્તકોને સમાજ સમક્ષ પ્રકાશિત કરવા વિશ્વપ્રસિદ્ધ સુવિખ્યાત "સિંઘી જૈન ગ્રંથમાળા"ની સ્થાપના કરી અને જૈન સાહિત્યોને એક નવું જ સ્વરૂપ આપ્યું, પરંતુ તેના માટે મુદ્રણ 'નિર્ણય સાગર પ્રેસ' માં થતું. જૈન ભંડારોમાંથી પુસ્તકોનું સંકલન કરવા પાટણ, પુના તથા રાજસ્થાનમાં ખુબ ભ્રમણ કરતાં અને હસ્તલિખિત ગ્રંથોનું ચયન કરતાં. "પ્રાચ્ય શોધસંસ્થાન" તથા પાટણભંડારનું નિરીક્ષણ કરતાં હતાં. ખુબ ભ્રમણને કારણે તથા વાતાવરણની પ્રતિકૂલતાને કારણે તેમનું સ્વાસ્થ્ય બગડ્યુ, તેથી સ્વાસ્થ્યનું ધ્યાન રાખી સિંઘીજીએ પરામર્શ કરી અમદાવાદ જવાનો આગ્રહ કર્યો.

ઈ.સ. ૧૯૩૮-૩૯માં "ભારતીય વિદ્યાભવન"ની સ્થાપના મુંબઈમાં કરી. ૧૯૪૨ માં જેસલમેરમાં પ્રાચીન ગ્રંથભંડારોમાં સતત ૪-૫ મહિના સખત મહેનત કરી પ્રાચીન ગ્રંથોની પ્રતિલિપિઓ તૈયાર કરાવી અને મુંશીજીના આગ્રહથી તેઓ 'ભારતીય વિદ્યાભવન'ના 'ઓનરેરી ડાયરેક્ટર' બન્યાં. રાજસ્થાનમાં ચિત્તોડગઢ રાષ્ટ્રીયતીર્થ પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાનની સ્થાપના કરીને " રાજસ્થાન પુરાતન ગ્રંથમાળા" અંતર્ગત ઘણા ગ્રંથો પ્રકાશિત કરાવ્યા. જો કે જેવો ન્યાય 'સિંઘી જૈન ગ્રંથમાલા'ને આપી શક્યાં તેવો 'રાજસ્થાન પુરાતન ગ્રંથમાળા'ને આપી શક્યાં નથી.

ઈ.સ. ૧૯૫૨માં "જર્મન ઓરિયેન્ટલ સોસાયટી" દ્વારા સર્વોચ્ચ સન્માન પ્રાપ્ત થયું, સાથે જ આ સન્માન પ્રાપ્ત કરનાર તેઓ દ્વિતીય ભારતીય બન્યાં. ઈ.સ.૧૯૫૪માં શારીરિક નિર્બળતાને કારણે આ કાર્યોમાંથી ઔપચારિક રીતે નિવૃત્ત થયાં. આમ, મુનિજીએ આજીવન ભારતની તથા જૈન સાહિત્યોની ખૂબ સેવા કરી અને આપણા સમાજના ઉત્કર્ષ માટે સતત કાર્યશીલ રહ્યા હતાં. આવા સંતપુરુષોનાં આપણે સદા ઋણી રહીશું.

**અન્ય સંપાદકો –**

મુનિ શ્રીજિનવિજયજીની સાથે આગમોદ્ધારક મુનિ શ્રીપુણ્યવિજયજી, પંડિતવર્ય સુખલાલજી સંઘવી, શ્રી અમૃતલાલ ગોપાણી તથા શ્રી જયંતકૃષ્ણ દવે આદિ સંપાદકોનો આ ગ્રંથમાળામાં વિશેષ સહયોગ રહ્યો છે.

**(બનારસ આવૃતિ–પૃ. ૫૮)**

આ ગ્રંથ પરથી કુમારપાલપ્રબોધ પ્રબંધ, કુમારપાલ ચરિત્ર, વસ્તુપાલચરિત્ર,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપદેશતરંગિણી જેવા અનેક ગ્રંથો માટે આધાર ગ્રંથ પ્રબંધ ચિંતામણિ છે. આમાં વિક્રમરાજા થી કર્મસાર આદિ રાજાઓનાં ચરિત્ર તથા તેના રાજ્યનો પરિચય વર્ણવ્યો છે. અનેક પ્રબંધ હોવાનાં કારણે આ પ્રબંધ સંગ્રહાત્મક ગ્રંથ તરીકે પણ મુલવવામાં આવે છે. આ સંગ્રહના અવલોકનથી ઘણી બધી જાણકારી પ્રાપ્ત થાય છે તથા ઈતિહાસના અભ્યાસુઓ માટે આ સંગ્રહ અવશ્ય અવલોકનીય છે.

**પ્રમાણ મીમાંસા (દાર્શનિક)-**

સિંઘી જૈન ગ્રંથમાળાના દ્વિતીય ઉદ્દેશ્ય જૈનશાસનનાં દાર્શનિક ગ્રંથ પ્રકાશિત કરવાનું હતું. જેમાં યશોવિજયજી વિરચિત 'જૈન તર્કભાષા' એ પ્રથમ ગ્રંથ હતો. ત્યાર બાદ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય વિરચિત પ્રમાણ મીમાંસા ગ્રંથ પ્રકાશિત કર્યો. ભારતીય દર્શનવિદ્યાના બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન આ ત્રણ વિશિષ્ટ તત્ત્વોનું નિરૂપણ મતોની વિભિન્ન તાત્ત્વિક પરિભાષાઓમાં અને લાક્ષણિક વ્યાખ્યામાં કઈ રીતે ક્રમશઃ વિકાસ, વૃદ્ધિ અને પરિવર્તન થયું તેનું ખુબ સારા પ્રમાણમાં પ્રતિષ્ઠિત જ્ઞાનનું નિરૂપણ કરેલું છે. સંસ્કૃત પ્રવેશ, ભારતીય પ્રમાણ, ન્યાય પ્રમાણ, સ્થાપન યુગ, વગેરે તથા તત્વજ્ઞાન વિષયોપરિ હેમચંદ્રાચાર્યજીએ વિશિષ્ટ ધ્યાન આપેલુ છે. માત્ર જૈનતર્કશાસ્ત્ર જ નહીં પરંતુ ભારતીય પ્રમાણશાસ્ત્ર પણ રહેલું છે.

**કથાકોષપ્રકરણ (કથાત્મક ગ્રંથ)-**

કવિ શ્રી જિનેશ્વરસૂરીની ઉપલબ્ધ કૃતિઓમાં કથાકોશ એ તેમની અંતિમ રચના છે. આ ગ્રંથ મૂલ અને વૃત્તિરૂપ છે. મૂલ ગાથાબદ્ધ છે અને વૃત્તિ ગદ્યરૂપમાં છે. મૂલમાં તો માત્ર ૩૦ ગાથાઓ છે. જેમાં કથાઓનો નામનિર્દેશ કરેલો છે. કથાનું વિસ્તૃતરૂપ ગદ્યવૃત્તિમાં લખેલ છે. જેમાં મુખ્ય ૩૬ કથાઓ અને ૪-૫ અવાતંર કથાઓ છે. આ રીતે ૪૦-૪૧ કથાઓનો સંગ્રહ આપેલ છે. આ કથાઓમાં જૈનસાધુઓ દ્વારા હંમેશા આપવામાં આવેલા જિનદેવની પૂજા આદિ સ્વરૂપ પ્રકીર્ણ ઉપદેશને જ કથાબદ્ધ કરેલ છે તથા જૈન સાંપ્રદાયિક વિચારોની ચર્ચાનું ચિત્રણ સ્પષ્ટ રીતે રજુ કરેલ છે.

**પ્રભાવકચરિત્ર –(ઐતિહાસિક-પ્રબંધાત્મકગ્રંથ)**

પ્રભાવક ચરિત્ર મહત્ત્વનો ઐતિહાસિક ગ્રંથ છે. વિક્રમની પ્રથમ શતાબ્દી થી ૧૩મી શતાબ્દીના પૂર્વ ભાગ સુધી સાડા બારસો વર્ષમાં થયેલાં જૈન શ્વેતાંબર સંપ્રદાયના સૌથી મહાન્ પ્રભાવક, સંરક્ષક અને શાસ્ત્રકાર આચાર્યોના કાર્ય-કલાપ તથા ગુણ ગૌરવોનું આ ગ્રંથમાં સુચારુ રીતે સંકલન કરેલ છે. આ ગ્રંથમાં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માત્ર જૈન આચાર્યોના ઈતિહાસ જ નહીં સાથોસાથ તત્કાલીન અનેક રાજાઓ, વિદ્વાનો, પ્રધાનો, કવિઓ અને પ્રસંગોપાત વિશિષ્ટ ઉલ્લેખ તથા ઐતિહાસિક તથ્યો અન્તર્નિહિત છે. ભારતનાં સાહિત્ય-સમ્રાટોની પણ કેટલીક મહત્વપૂર્ણ ઘટનાઓનો ઉલ્લેખ કરેલ છે. ભાષાની દ્રષ્ટિએ પણ પ્રભાવશાળી છે. વર્ણન પણ સુસંબદ્ધ તથા સુપરિમિત છે.

આ ચરિત્ર-પ્રબંધનાં અવલોકનથી વિદ્વાનોને ઘણી વિશિષ્ટ વાતોનું જ્ઞાન થશે જેમકે જૈનધર્મનાં કેવા કેવા પ્રભાવશાળી વિદ્વાનોનાં આપણે વારસદાર છીએ તથા જૈનદર્શનને કેવી રીતે એક ધાર્મિક સમુદાયનું સ્વરૂપ મળ્યું. જૈન ધર્મ તથા જૈન સમાજનાં વિકાસ અને પરિવર્તનનાં તથ્યપૂર્ણ ઈતિહાસને આ પ્રબંધનાં અધ્યયન-મનનથી ઉત્તમ પ્રકારનું સાહિત્ય પ્રદાન થયું છે.

### દિગ્વિજય મહાકાવ્ય (કાવ્યાત્મક ગ્રંથ)

દિગ્વિજય મહાકાવ્ય સત્તરમી-અઢારમી શતાબ્દીના મહાન પ્રાભાવિક અને મહાવીરસ્વામીનીપટ્ટપરંપરાના૬૧માંભટ્ટારકાચાર્યશ્રીવિજયપ્રભસૂરીશ્વરજીનું ચરિત્રવર્ણન આલેખે છે અને તેમનાં ગુરુ વિજયદેવસૂરિનું પણ ચરિત્રાલેખન છે. શ્રીવિજય પ્રભસૂરીશ્વરજીએ કરેલા ગામ, નગર અને શહેરના વિહારવર્ણન દ્વારા ભૌગોલિક માહિતી સહજતાથી સમજાય તેવી છે. કવિએ ઉદયપુર, શંખેશ્વર, સિરોહી, આગરા, બનારસ, પટના અને સમેતશિખર આદિ મોટાં મોટાં સ્થળોનું વર્ણન કર્યું છે, તેના કરતાં કાવ્યનું કવિત્વ દ્રષ્ટિને વધુ સ્પર્શે છે.

### જૈન પુસ્તકપ્રશસ્તિ સંગ્રહ (ઐતિહાસિક)

પાટણ, સ્તંભતીર્થ, જેસલમેર આદિ સ્થાનોમાં સંરક્ષિત જૈન જ્ઞાનભંડારોમાંથી ઉપલબ્ધ જૈન પુસ્તકસ્થ પ્રશસ્તિઓનો સંગ્રહ. આ પ્રશસ્તિસંગ્રહમાં ૨ પ્રકારની પ્રશસ્તિઓ સંગ્રહિત કરવામાં આવેલી છે. પ્રશસ્તિલેખોમાં મુખ્ય વર્ણન એ વ્યક્તિનું હોય છે, જે પુસ્તકના પ્રારંભમાં લેખકનાં વંશનો ઉલ્લેખ કરવામાં આવે. ત્યાર બાદ તેના એ નિકટવર્તી પુરુષની વંશાવલી શરૂ કરવામાં આવે જેની પ્રસિદ્ધિ થઈ હોય પછી દાદા- પિતા માતા આદિના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે અને ધર્મોપદેશી વ્યક્તિની પ્રેરણાથી લખાયું હોય તેના ગુરૂ આદિનો પરિચય અને નામનિર્દેશ કર્યો હોય છે તથા સમકાલીન રાજાઓનો પણ ઉલ્લેખ કરેલો હોય છે. અંતે પુસ્તક પઠન-પાઠન કરનારાઓ માટે મંગલ, કલ્યાણ અને આશીર્વાદનું નિરુપણ કરેલું હોય છે. આ ગ્રંથમાં ૧૧૧ પ્રશસ્તિઓ છે તથા તાડપત્રીય પુસ્તકના સંક્ષિપ્ત લેખો આપેલાં છે, જે ૪૩૩ છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કૌમુદી મિત્રાણાનંદરૂપકમ્**

કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજીનાં શિષ્યરત્ન કવિશ્રી રામચંદ્રસૂરિ વિરચિત રુપકોનાં ૧૦ પ્રકારોમાંથી આ નાટકનો પ્રકાર પ્રકરણ છે. અહિં નાયક એક સચિવ હોય છે. આ નાટકમાં નાયક ધીરોદાત્ત છે અને નાયિકા મધ્યમવર્ગ પરિવારની છે. સાથેસાથ દાસ, સેવક, આદિ પાત્ર નો ઉલ્લેખ પણ કરેલો છે. આ શ્રૃંગારરસ પ્રધાન રૂપક છે.

**ગ્રંથમાલા દ્વારા પ્રકાશિત વિશિષ્ટ પુસ્તકોનો પરિચય –**

“સિંધી જૈન ગ્રંથમાળા” દ્વારા અનેક પુસ્તકોનું સંસ્કરણ થયેલું છે. જેમાં ઐતિહાસિક, તાત્ત્વિક, કથાત્મક અને ચરિત્રાત્મક ગ્રંથો પ્રકાશિત થયેલાં છે. આ ગ્રંથમાળામાં સૌપ્રથમ ઐતિહાસિક ગ્રંથોનું પ્રકાશન કાર્ય શરૂ કર્યું હતું. જેમાં સૌ પ્રથમ ‘પ્રબંધચિંતામણિ’ પ્રકાશિત ગ્રંથનું સંસ્કરણ કર્યુ હતું અને આ ગ્રંથમાળાનાં ૬૦ થી વધુ પ્રકાશનો છે. તેમની નિશ્ચિત સંખ્યા ઉપલબ્ધ નથી શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર- કોબા જ્ઞાનમંદિરમાં આ ગ્રંથમાળાનાં ૬૨ પ્રકાશનો માત્ર ઉપલબ્ધ જ નહીં પરંતુ સુરક્ષિત પણ છે. જેમાં કેટલાક ગ્રંથાંકનું પુનઃપ્રકાશન થયું છે. જેનો પ્રાયઃ છેલ્લો ગ્રંથાંક -૭૭ કૌમુદી મિત્રાણાનંદરૂપકમ્ છે. જેમાંથી ૨૩ ગ્રંથાક એવા છે જે જ્ઞાનમંદિરમાં ઉપલબ્ધ નથી.(૧૫, ૩૭, ૩૮, ૫૦ અને ૫૨ થી ૭૦) જેમાં અન્ય પ્રકાશકો દ્વારા સિંધી જૈન ગ્રંથમાલાના પુનઃ પ્રકાશિત ગ્રંથોની યાદી જોઈએ તો તે આ પ્રમાણે છે-

ધર્મોપદેશમાલા-ભદ્રંકર પ્રકાશન –અમદાવાદ વિ.સં.૨૦૬૬.

કીર્તિકૌમુદીમહાકાવ્ય તથા સુકૃત સંકીર્તનમહાકાવ્ય–ભદ્રંકર પ્રકાશન-વિ.સં-૨૦૬૬. સંદેશરાસક –સંભવનાથ મહારાજ ટ્રસ્ટ –સતારા(મહારાષ્ટ્ર) –વિ.સં.-૨૦૦૧. સુકૃતકીર્તિકલ્લોલિન્યાદિ વસ્તુપાલ પ્રશસ્તિ સંગ્રહ –સુરત તપગચ્છ રત્નત્રયી આરાધક સંઘ ટ્રસ્ટ-સુરત – પ્રકાશન વર્ષ ઉપલબ્ધ નથી.

પ્રબંધચિંતામણિ (ઐતિહાસિક પ્રબંધાત્મક) શ્રી મેરુતુંગાચાર્ય વિરચિત પ્રબંધચિંતામણિ નામક પ્રસિદ્ધ ઐતિહાસિક-પ્રબંધ સંગ્રહાત્મક સંસ્કૃત ગ્રંથ છે. ગુજરાતનાં પ્રાચીન ઈતિહાસને વિશિષ્ટ શ્રુતિ અને સ્મૃતિના આધારભૂત જેટલાં પ્રબંધાત્મક તથા ચરિત્રાત્મક ગ્રંથ-નિબંધ સંસ્કૃત પ્રાકૃત તથા પ્રાચીન દેશી ભાષામાં ઉપલબ્ધ છે તે ગ્રંથોમાં આ સૌથી વિશિષ્ટ અને મહત્વનું સ્થાન ધરાવે છે. ‘सर्वेऽपि प्रबंधाः प्रबन्धच्चिंतामणितो ज्ञेयाः’

ધર્માભ્યુદય મહાકાવ્ય નું પુનઃ પ્રકાશન શ્રી ભદ્રંકર પ્રકાશન અમદાવાદ દ્વારા વિ.સં ૨૦૬૬ માં થયેલ છે. પ્રબંધકોશનું પુનર્મુદ્રણ આશાપુરણ પાર્શ્વનાથ જૈન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનભંડાર અમદાવાદ દ્વારા ઝેરોક્ષ સ્વરૂપે થયેલ છે. પ્રકાશન વર્ષ ઉપલબ્ધ નથી. વિવિધતીર્થ કલ્પનું પુનઃ પ્રકાશન આશાપુરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર અમદાવાદ દ્વારા ૨૦૬૬ માં ઝેરોક્ષ સ્વરૂપે થયેલ છે.

વિજ્ઞપ્તિ લેખ સંગ્રહનું પુનઃ પ્રકાશન જિનશાસન આરાધના ટ્રસ્ટ-મુંબઈ દ્વારા થયેલ છે. પ્રકાશન વર્ષનો ઉલ્લેખ નથી. અકલંક ગ્રંથત્રયનું પુનઃપ્રકાશન શ્રી ભવાની મુર્તિપૂજક જૈન શ્વેતાંબર સંઘ કોલકાતા દ્વારા વિ.સં ૨૦૬૦ માં થયેલ છે. કથાકોષ પ્રકરણનું પુનઃ પ્રકાશન પ્રાકૃત ભારતી અકાદમી જયપુર દ્વારા ઈ.સ. ૨૦૦૮.

**ઉપસંહાર –**

આ ગ્રંથમાળાએ પ્રાચીન ધરોહરમાં શ્રેષ્ઠ ગ્રંથરત્નોને આધુનિક શાસ્ત્રીય પદ્ધતિથી સંશોધિત અને સંપાદિત કરીને પ્રકાશિત છેલ્લી સદીમાં કરેલા અને આ ભગીરથ કાર્ય માટે સમાજના પ્રતિષ્ઠિત મુખી બાબૂ રાયબહાદુર શ્રી ધનપતસિંહજી સિંઘીનો ઉદાર સહયોગ મળેલ છે. “સિંઘી જૈન ગ્રંથમાળા”ની સ્થાપના કલકત્તામાં થયેલ છે. પરંતુ કાલાન્તરે આ કાર્યમાં કન્હૈયાલાલ મુંશીજીનો પણ ખુબ સાથ સહકાર મળવાના કારણે તેના દ્વારા સ્થાપિત “ભારતીય વિદ્યા ભવન”માં આ ગ્રંથમાળાનું કાર્ય સમાહિત થયેલું.

૧૯૪૪માં રાયબહાદુર શ્રી ધનપતસિંહજી સિંઘીના દેહાવસાન બાદ કાર્યમાં થોડી મુશ્કેલી આવેલી પરંતુ તેમના સુપુત્રો શ્રીરાજેન્દ્ર સિંહજી અને નરેન્દ્ર સિંહજી સિંઘીની સ્મૃતિમાં તેમની ભાવનાને સમજી આ કાર્ય જિનવિજયજીના જીવનકાળ પર્યંત ચાલુ રહ્યું. સમર્પિત વ્યક્તિઓના ચાલ્યા ગયા બાદ આવી યોજનાઓનો અંત થઈ જાય છે. મુનિજી અને મુંશીજીના ગયા બાદ વિરામ લાગી જાય. પરંતુ ૬૦થી વધારે પુસ્તકોનું પ્રકાશન થઈ ચુક્યું હતું અને આ ગ્રંથમાળાએ આંતરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી લીધી હતી. જે આપણા જૈન સમાજ માટે ગૌરવની વાત છે.

છેલ્લા ૩૦-૪૦ વર્ષોથી શોધક વિદ્વાન વર્ગને આ ગ્રંથમાળાનાં ગ્રંથનો અભાવ ખટકી રહ્યો છે અને ઘણા ગ્રંથો અપ્રાપ્ય થઈ ગયા છે વળી કેટલાક મહત્વપૂર્ણ ગ્રંથ તો સુવ્યવસ્થિત પુસ્તકાલયોમાં પણ ઉપલબ્ધ નથી થતાં.

ઉપરોક્ત ગ્રંથમાળા જે હેતુથી જૈન ધર્મનાં પ્રાચીન પુસ્તકોનાં પ્રચાર-પ્રસાર માટે સ્થપાઈ હતી, તે ખરેખર પ્રશંસનીય છે. આ ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત અમૂલ્ય સાહિત્ય સમાજના ઉત્કર્ષ અને પોષણ માટે પીરસાઈ રહ્યું હતું. સમય જતાં તેમના દ્વારા પીરસાતા આધિદૈવિક-આધિભૌતિક-આધ્યાત્મિક જ્ઞાનની ઉણપ આજના સમાજમાં વરતાઈ રહી છે.

❖ ❖ ❖

For Private and Personal Use Only

# કેટલાંક મહત્ત્વનાં ફરમાનપત્રો

સંગ્રાહક-મુનિશ્રી ન્યાયવિજયજી

(ગતાંક થી આગળ)

## (ડ) પાંચમું ફરમાન

ગુજરાત સુબાના હાકેમને માલુમ થાય કે સંતિદાસ ઝવેરી અરજ કરે છે કે આલી દરજ્જાના બાદશાહના હુકમ મુજબ મજકૂર શેહેરમાં તેની માલેકીની હવેલીઓ, દુકાનો, બીજી મીલ્કત તથા બાગબગીચા છે. આ ઉપરથી હુકમ કરવામાં આવે છે કે જહાંપનાહ બાદશાહની કચેરીનો એ ઝવેરી તથા ખેરખાહ વેપારી છે. તેથી કોઈ પણ માણસ એ હવેલીમાં જઈ ઉતારો કરે નહિ એવો મનાઈ હુકમ કાઢવો અને એ દુકાનોનું એ ભાડું ઉઘરાવે ત્હેમાં એને કોઈએ અડચણ કરવી નહિ, અને બાદશાહી ફરમાન મુજબ જે બાગ બગીચા એને મળેલા છે તે બાબતમાં કોઈએ કાંઈ દખલ કરવી નહિ.

વળી વિશેષ હુકમ કરવામાં આવે છે કે એ સૂબાના અમલદારોમાંથી કોઈ પણ માણસે કોઈ પણ રીતના કાયદાનું બહાનું કાઢી એની માન મિલકત લઈ લેવાનો પ્રયત્ન એના પ્રત્યે યા એના ફરજનો પ્રત્યે કરવો નહિ, કે જેથી એ તથા એનાં ફરજંદો નિશ્ચિંતપણે પોતાના વતનમાં આબાદ થઈ હમારી પાદશાહત હંમેશ ચાલુ રહે એવી દુઆ ખુદા પાસે કરતા રહે.

હમારા આ હુકમથી વિરુદ્ધ યા ઊલટું કોઈએ વર્તવું નહિ. લખ્યું તા. ૨જી નૂર માહ ઈલાહી સને ૮મા લેખની ઉપરના ભાગમાં મહોર સિક્કો શાહજહાન બાદશાહનો છે, અને બીજો સિક્કો દારા શકુહનો છે (હી.સ. ૧૦૪૫)

## (ઈ) છઠ્ઠું ફરમાન

આ નીચેનું ફરમાન જહાંગીર બાદશાહ તરફથી નીકળેલું છે. એની નકલમાં કંઈક અક્ષરો પડેલા છે. અને લખ્યા સાલ વગેરે કેટલીક બાબત તેમાં ઉતરી નથી, છતાં પણ પોતાની રૈયતમાં શ્રાવક કોમ પ્રત્યે બાદશાહની કેટલી લાગણી હતી, તે એમાંથી ખુલ્લી રીતે દેખાઈ આવે છે.

આ ફરમાન પોતાના કૂલ રાજની અંદર નીમાએલા હાકેમો, અમલદારો, જાગીરદારો, કચેરીઓ, મુત્સદ્દીઓ, અને આખી ગુજરાતના સુબા પર કાઢવામાં આવ્યું છે. એમાં તેમને જણાવ્યું છે કે પરમેશ્વરની પ્રીતિ ત્યારે જ મેળવી શકાય

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે જ્યારે રાજમાં રહેતી દરેક જાતની યા કોમની રૈયતના મનને આસૂદગી અને નિશ્ચિંતપણું રહેલું હોય. હાલમાં શ્રાવક હરખા પરમાનંદજીએ જહાંપનાહની દરબારમાં આવી અમલદારો મારફ્તે અરજ કરી કે વિજયસેનસૂરિ વિજયદેવસૂરિ અને ખુસફ્હમ નંદજી (!) એઓ હમારા આચાર્યો છે, અને ઠેકઠેકાણે તેમનાં દેરાં ને ધરમશાળા છે, અને તેઓ હંમેશાં પવિત્ર-ધાર્મિક-કામમાં, સેવાપૂજામાં અને ઈશ્વરને યાદ કરવામાં મશગૂલ રહે છે, અને ખરેખર હમને મજકૂર શ્રાવક હરખા પરમાનંદજીની વફ્રાદારીની ખબર છે કે એ હમારૂં શ્રેય ચાહતા, વફાદાર માણસ છે, તેથી હમારી જહાંપનાહની-દરબારમાંથી હુકમ કાઢવામાં આવે છે કે એ કોમની ધરમશાળા કે તેમના દેરામાં કોઈએ મુકામ કરવો નહિ અને તેની નઝીકમાં પણ કોઈ રીતની દખલગીરી ન કરવી, અને તેઓ ત્હેને ફરીથી નવાં બનાવવા માગે તો તેમાં પણ અડચણ ન કરવી. વળી ત્હેમના શિષ્યોના મકાનમાં પણ કોઈએ ઉતારો રાખવો નહિ, અને તેઓ જો સોરઠના મુલકમાં શેત્રુંજે જાત્રા કરવા જાય તો કોઈએ તેમની પાસે કશું માગવું નહિ.

વળી એ જ માણસની માગણી અને અરજ ઉપરથી હુકમ કરવામાં આવે છે કે દરેક આઠવાડીઆમાં, બે વાર-દિવસ એટલે રવિ તથા ગુરુવારે, દર મહીને તે મહીનાને પહેલે દહાડે, તેમજ ઈદ (તહેવાર)ને દહાડે, તેમજ દર વરસે યૂર માસમાં...(!) તેમજ હમારી ઉમરનાં જેટલાં વર્ષ વીતી ગયાં છે તે વર્ષ ગણી દર વર્ષે એક દિવસ એ પ્રમાણે, હમારા આખા રાજમાં કોઈ પણ જાનવરને કતલ કરવું નહિ, તેમ તેનો શિકાર કરવો નહિ, તેમજ પક્ષી માછલાં, વગેરે જીવોને પકડવાં નહિ યા મારવાં નહિ. આ હુકમ પ્રમાણે ચાલવાને સૌએ કોશિશ કરવી એનાથી વિરૂદ્ધ વર્તવાને કોઈને અવકાશ જ નથી

**આ ફરમાન ખાનજહાન મારફ્ત નીકળેલું.**

શ્રી કૃ. મો. ઝવેરીએ અનુવાદિક કરેલ આ છ ફરમાનોમાંની હકીકતને જ પુષ્ટ કરે એવું એક લખાણ શ્રી હરગોવિન્દદાસ દ્વારકાદાસ કાંટાવાળાએ લખેલ 'ટચુકડી ચોથી સો વાતો' નામક પુસ્તકમાંથી ઉદ્ધૃત કરીને અહીં પરિશિષ્ટ રૂપે આપું છું.

## પરિશિષ્ટ

### શાન્તિદાસ અને શાહજહાન

સામાન્ય રીતે એવું મનાય છે મુસલમાનો હિંદુઓને જુલમથી વટાળતા, તેમનાં દેવાલયો તોડી નાંખતા, અને હિંદુ ધર્મનો ઉચ્છેદ કરવા મથતા; પરંતુ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ કેટલાક મુસલમાન બાદશાહો એવાં કાર્ય કરવાને પોતાના ધર્મને લાભ થાય છે એમ ગણતા, ત્યારે બીજાઓ, હિંદુ મુસલમાનોને સરખા ગણી તેમને અદલ ઈન્સાફ આપવામાં, સર્વ ધર્મને માન આપવામાં આવે, અન્ય ધર્મી સાથે ભાઈચારો વધારવામાં આપાણું કર્તવ્ય રહેલું છે એમ સમજતા; બાબર, અકબર, જહાંગીર અને શાહજહાન આ બીજા વર્ગના બાદશાહ થઈ ગયા.

અમદાવાદના નગરશેઠ શાન્તિદાસ ઝવેરીએ ઘણા પૈસા ખરચીને મોટું જૈન દેવાલય બંધાવ્યું હતું. શાહજાદા ઔરંગજેબના હુકમથી તે દેવળ તોડી પાડીને તેને ઠેકાણે મસીદ બાંધવામાં આવી, તેથી નારાજ થઈ શાન્તિદાસ બાદશાહને ફરિયાદ કરવા માટે દિલ્હી ગયા.

શાહજહાને શેઠની સર્વ હકીકત સાંભળીને ન્યાયની ખાતર પોતાના શાહજાદા દારાશિકોહની સહીથી પરવાનો લખી મોકલ્યો. તેમાં અમદાવાદના હાકેમને એવું ફરમાવ્યું કે તેણે મસીદને સ્થળે નવું દેરૂં બાંધી આપવું, જૂના દેવલનો જે સરસામાન મુસલમાનોએ લઈ લીધો હોય તેનો કબજો શેઠને સોંપવો.

હવે પછી કોઈએ તેમને હેરાનગતિ કરવી નહિ તથા અમુક અમુક જૈન તહેવારોએ શહેરમાં જીવહિંસા કરવી નહિ. પરધર્મી બાદશાહે જેવો ઈન્સાફ આપ્યો, તેવો ઈન્સાફ બીજા પરધર્મી મહારાજા ભાગ્યે જ આપી શકે.

વળી શાહજહાન બાદશાહે જૈનોના પૂજ્ય શેત્રુંજા પર્વતની આસપાસ તેમ પાલીતાણામાં જીવહિંસા ન કરવાનો પરવાનો કાઢ્યો હતો. એ જ પ્રમાણે અકબરે અને જહાંગીર બાદશાહે પણ જીવહિંસા ન કરવાના તથા જૈનધર્મને મદદ આપવાના હુકમો કર્યા હતા. આવા ન્યાયી બાદશાહો મુસલમાનો છતાં પણ તેમને માટે હિંદુઓ વફાદારી બતાવે એમાં શી નવાઈ?

શેઠ શાન્તિદાસ ઠેઠ દીલ્હિ દ્વાર જૈ ચઢ્યા.
પાદશાહ પાસે અર્જ આપવા ત્યહાં અડયા.

દેહરો બાંધી આપવા, મસીદ પાડી નાખવા.
ન્યાયનો ઠરાવ કીધ, શાહ નામ રાખવા.

- શ્રી જૈન સત્યપ્રકાશ ઈ.સન ૧૯૪૩ વર્ષ-૯ અંક-૨માંથી સાભાર

❖ ❖ ❖

For Private and Personal Use Only




आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर, कोबा में ज्ञानपंचमी का ज्ञानस्थापन



आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर, कोबा में ज्ञानपूजन की एक झलक

**Registered Under RNI Registration No. GUJMUL/2014/66126 SHRUTSAGAR (MONTHLY). Published on 15th of every month and Permitted to Post at Gift City SO, and on 20th date of every month under Postal Regd. No. G-GNR-338 issued by SSP GNR valid up to 31/12/2018.**




सिंघी जैन ग्रंथमाला परिचय देखें पृ. २१

**BOOK-POST / PRINTED MATTER**

**प्रकाशक**

**श्री महावीर जैन आराधना केन्द्र, कोबा**

आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर गांधीनगर ३८२००७

फोन नं. (०७९) २३२७६२०४, २०५, २५२, फेक्स (०७९) २३२७६२४९

**Website : www.kobatirth.org**

**email : gyanmandir@kobatirth.org**

**Printed and Published by :** HIREN KISHORBHAI DOSHI, on behalf of SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA, New Koba, Ta.&Dist. Gandhinagar, Pin-382007, Gujarat. And **Printed at :** NAVPRABHAT PRINTING PRESS, 9, Punaji Industrial Estate, Dhobighat, Dudheshwar, Ahmedabad-380004 and **Published at :** SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA, New Koba, Ta.&Dist. Gandhinagar, Pin-382007, Gujarat.

**Editor :** HIREN KISHORBHAI DOSHI